પરિશિષ્ટ-૨

જા.નં. મુ.ઈ.(યાં)/૧૦૯૯/વાહન વપરાશ/એમ-૫/૬૮૧૫/૯૯

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
ઘ-૫ પાસે, સેકટર-૧૬, ગાંધીનગર
તારીખ :- ૮/૧૨/૯૯

<u>પરિપત્ર :-</u>

વિષય :- વાહનોના વપરાશ પર નિયંત્રણ લાવવા બાબત.
સંદર્ભ :- બોર્ડ કચેરીના પરિપત્ર નં. મુ.ઈ.(યાં)/૧૦૯૫/વાહન વપરાશ/પરિપત્ર/૭૪૦ તા. ૧૧/૧૦/૯૫

ઉપરોકત વિષયે બોર્ડ કચેરીના વાહનોના વપરાશ તેમજ મરામત અને નિભાવણીના ખર્ચ વિગેરે બાબતો પર નિયંત્રણ લાવવા સંદર્ભિત પત્રથી આદેશ કરવામાં આવેલ છે, તેમ છતાં બોર્ડ કચેરીના ધ્યાન ઉપરઆવેલ છે કે ક્ષેત્રિય કચેરીઓ દવારા વાહનોના વપરાશમાં નિયંત્રણ કરવામાં આવતો નથી.

વાહનોના વપરાશ પર નિયંત્રણ લાવવા નીચે મુજબની મર્યાદામાં રહીને વાહનોના ઉપયોગ કરવા ફરીથી સુચનાઓ આપવામાં આવે છે.

| અ.નં. | હોદ્દો | માસિક મર્યાદા (કી.મી.માં) | ત્રિમાસિક મર્યાદા (કી.મી.માં) | નોંધ |
|---|---|---|---|---|
| ૧. | ના.કા.ઈ. | ૯૬૦ | ૨૯૦૦ | જે પેટા વિભાગીય કચેરી પાસે સ્થાનિક એક જ યોજનાની કામગીરી (દા.ત. એક જ શહેરની પા.પુ., ડ્રેનેજ યોજના)હોય તે પેટા વિભાગીય કચેરી માટે. |
| ૨. | ના.કા.ઈ. | ૧૧૦૦ | ૩૩૦૦ | જે પેટા વિભાગીય કચેરીનું કાર્યક્ષેત્ર એક તાલુકા પુરતુ સિમિત હોય તેવી પેટા વિભાગીય કચેરી માટે. |
| ૩. | ના.કા.ઈ. | ૧૫૦૦ | ૪૫૦૦ | જે પેટા વિભાગીય કચેરીનું કાર્યક્ષેત્ર એકકરતાં વધારે તાલુકા ઓમાં ફેલાયેલુ હોય તેવી પેટા વિભાગીય કચેરી માટે. |
| ૪. | કા.ઈ. | ૧૬૧૦ | ૪૮૩૦ | - |
| ૫. | અ.ઈ. | ૧૯૩૦ | ૫૭૯૦ | - |

૨૦૪

ઉપરોકત જણાવેલ આદેશનો અમલ તાત્કાલિક અસરથી ચુસ્તપણે કરવાનો રહેશે. મુખ્ય ઈજનેરશ્રીઓએ તેમના હસ્તકના કાર્યક્ષેત્રમાં ઉકત સુચનાનું ચુસ્તપણે પાલન થાય તે જોવાનું રહેશે. તથા દર ત્રણ માસે આ અંગે કરેલ કાર્યવાહીનો અહેવાલ નીચે સહી કરનારને રજુ કરવાનો રહેશે.

(એસ. એમ. ઝવેરી )
મુખ્ય ઈજનેર

<u>નકલ સાદર રવાના પ્રતિ :–</u>

- મા. અધ્યક્ષશ્રીના કાર્યકારી સચિવશ્રી, બોર્ડકચેરી, ગાંધીનગર
- મા. સભ્ય સચિવશ્રીના કાર્યકારી મદદનીશ, બોર્ડકચેરી, ગાંધીનગર

<u>નકલ રવાના પ્રતિ :–</u>

- મુખ્ય ઈજનેરશ્રી, ઝોન–૧ થી ૩, વડોદરા/અમદાવાદ/રાજકોટ
- નિયામકશ્રી, આઈ.ઈ.સી. સેલ, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.જે.ટી.આઈ., ગાંધીનગર
- નાણાંકીય નિયંત્રકશ્રી, બોર્ડકચેરી, ગાંધીનગર
- મુખ્ય વહીવટી અધિકારીશ્રી, બોર્ડકચેરી, ગાંધીનગર
- અધિક્ષક ઈજનેરશ્રી (સર્વે)
- કાર્યપાલક ઈજનેરશ્રી (સર્વે)
- નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી (સર્વે)